# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

Accredited **Grade A** by NAAC
(CGPA 3.05)

**સંદર્ભ :–** કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરનો
તા.૦૯–૦૨–'૧૬ નો પત્ર ક્રમાંક : હ–૨/સ્કો/૨૦૧૫/૩૬૪૩–૪૧૬૭.

**પરિપત્ર :–**

આથી યુનિવર્સિટી સંલગ્ન તમામ સરકારી અને ગ્રાન્ટ ઈન એઈડ કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, સંદર્ભ પરનાં પત્રની સરકારશ્રી તરફથી કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પાત્રતાના ધોરણે જુદી જુદી શિષ્યવૃતિઓના નાણાં દર વર્ષે કોલેજ કક્ષાએથી જે તે કોલેજના આચાર્યશ્રી મારફત રોકડા, ચેક અને પોસ્ટ ઓફિસ ધ્વારા ચૂકવવામાં આવતા તેના બદલે હવે નાણાંની ચૂકવણી સરકારશ્રીએ અમલમાં મૂકેલ ડાયરેકટ બેનીફીટ ટ્રાન્સફર *(DBT)* યોજના હેઠળ જે તે વિદ્યાર્થીઓના બેંક ખાતામાં જમા થાય તે મુજબ કરવાની થતી હોય આ યોજનાનો અમલ તા.૦૧–૦૪–'૧૬ થી કરવાનો હોવાથી ડાયરેકટ બેનીફીટ ટ્રાન્સફર યોજનાના અમલ અર્થે સંદર્ભ પત્ર આ સાથે સામેલ રાખે છે, જે ધ્યાને લઈ વિદ્યાર્થીઓને પાત્રતાના ધોરણે જુદી જુદી શિષ્યવૃતિઓના નાણાં મળી રહે તે માટે યોગ્ય કાર્યવાહી કરશો.

કુલસચિવ

બિડાણ :– સંદર્ભ પત્ર

નં. જોડાણ / ૨ / ૩૯૦૪ / '૧૬
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય,
યુનિવર્સિટી કેમ્પસ,
યુનિવર્સિટી રોડ,
**રાજકોટ – ૩૬૦ ૦૦૫**
તા. ૨૬ / ૦૨ / '૧૬

**પ્રતિ,**

– યુનિવર્સિટી સંલગ્ન તમામ સરકારી અને ગ્રાન્ટ ઈન એઈડ કોલેજ તરફ.....
(સંદર્ભ પત્ર ધ્યાને લેવા અને આગળની યોગ્ય કાર્યવાહી અર્થે...)

**નકલ રવાના :–**

૧) કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ડો. જીવરાજ મહેતા ભવન,
બ્લોક નં. ૧૨, બીજો માળ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
૨) માન. કુલપતિશ્રી / કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી તરફ...
૩) કોમ્પ્યુટર સેન્ટર – વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા અર્થે

ખૂબ જ અગત્યનું

ક્રમાંકઃહ–૨/સ્કો/૨૦૧૫/ ૩૬૪૩ – ૪૨૬૭
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
ડૉ.જીવરાજ મહેતા ભવન,
બ્લોક નં.૧૨ બીજો માળ
ગુ.રા. ગાંધીનગર
તા.૦૯/૦૨/૨૦૧૬

પ્રતિ,

- રજિસ્ટ્રારશ્રી, યુનિવર્સિટી, તમામ
- આચાર્યશ્રી, સરકારી અને અનુદાનિત બિનસરકારી કૉલેજ, તમામ
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ

વિષયઃ– **ડાયરેકટ બેનીફીટ ટ્રાન્સફર (DBT) યોજના હેઠળ લાભાર્થીઓને શિષ્યવૃત્તિના નાણાંની ચૂકવણી કરવા બાબત..**

સંદર્ભઃ– (૧) સરકારશ્રીના નાણા વિભાગના પત્ર ક્રમાંકઃએમઆઈએસ/૧૦/૨૦૧૫/ ૮૯૯૫૬૫/એન તા.૪/૧/૨૦૧૬
(૨) આ કચેરીના પત્રાંક :હ–૨/સ્કો/૨૦૧૫/૩૨૮૫–૩૩૧૯તા.૨૭/૧૧/૨૦૧૫
(૩) આ કચેરીના પત્ર ક્રમાંકઃહ–૨/સ્કો/૨૦૧૫ તા.૨૩/૧૨/૨૦૧૫
(૪) આ કચેરીના પત્ર ક્રમાંકઃહ–૨/સ્કો/૨૦૧૫/૩૫૬૬ તા.૧૨/૧/૨૦૧૬
(૫) સંયુકત નિયામકશ્રી, ટેકનીકલ શિક્ષણ, ગાંધીનગરની તા.૫/૨/૨૦૧૬ની નોંધ જાવક ક્રમાંકઃ CTE/CS-Meeting/DBT/4005

ઉપર્યુકત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે સરકારશ્રી તરફથી મળેલ સૂચના અન્વયે આપના તાબા હેઠળની સરકારી તેમજ બિન સરકારી ગ્રાન્ટેડ શાળા/કૉલેજમાં અભ્યાસ કરતાં વિધાર્થીઓને પાત્રતાના ધોરણે જુદી જુદી શિષ્યવૃત્તિઓના નાણાં દર વર્ષે શાળા/કૉલેજ કક્ષાએથી જે તે સબંધિત શાળા/કૉલેજના આચાર્યશ્રી મારફતે **રોકડા, ચેક અને પોસ્ટ ઓફિસ દ્વારા ચૂકવવામાં આવે છે.** સરકારશ્રીની સૂચના મુજબ વિધાર્થીઓને કરવામાં આવતી આ ચૂકવણી હવે સરકારશ્રીએ અમલમાં મૂકેલ **ડાયરેકટ બેનીફીટ ટ્રાન્સફર(DBT) યોજના** હેઠળ શિષ્યવૃત્તિના નાણાં સીધેસીધા જે તે સબંધિત વિધાર્થીના બેન્ક ખાતામાં જમા થાય તે મુજબ કરવાની થાય છે. જેથી વિધાર્થીઓને ઝડપથી અને સરળતાથી નાણાં મળી શકે. તો આ બાબતનો અમલ આપના જિલ્લામાં તા.૧/૪/૨૦૧૬ ની અસરથી ચૂસ્તપણે થાય તે માટે નીચે જણાવેલ યોજનાઓમાં સૂચવ્યા મુજબની વ્યવસ્થા કરવાની રહેશે અને તેમ કર્યાની જાણ આ કચેરીને કરવાની રહેશે.

આ યોજનાનો અમલ હવે ફરજિયાત પણે **આગામી સને.૨૦૧૬–૧૭ના** વર્ષથી કરવાનો થાય છે, જેથી તે વર્ષમાં લાભ લેનાર વિધાર્થીઓના અગાઉથી તાત્કાલિક જ બેન્ક ખાતા ખોલાવીને તેની તમામ વિગતો જે તે શાળા/કૉલેજે અગાઉથીજ મેળવી લેવાની રહેશે તેમજ જો વિધાર્થીઓએ આધાર નંબર મેળવી લીધા હશે, તો તે આધાર નંબરને વિધાર્થીઓના બેન્ક ખાતા સાથે અગાઉથી જ સીડીંગ કરાવી લેવાના રહેશે અને તે કામગીરી હાથ ધરીને, પૂર્ણ કરી તેની આ કચેરીને જાણ કરવાની રહેશે. જે વિધાર્થીઓએ આધારકાર્ડ ન મેળવ્યા હોય તેઓએ આધારકાર્ડ મેળવી તેની જાણ સબંધિત શૈક્ષણિક સંસ્થાને કરે તે મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

તા.૫/૨/૨૦૧૬ની સંદર્ભમાં દર્શાવેલ નોંધની નકલ આ સાથે જાણ અને જરૂરી કાર્યવાહી અર્થે સાદર કરેલ છે.

સરકારશ્રીની સદર સૂચનાનો ચૂસ્તપણે અમલ થાય તેની તકેદારી રાખવા જણાવવામાં આવે છે.

(એ.જે.શાહ)
કમિશનર
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
ગુ.રા. ગાંધીનગર

બિડાણઃ– ઉપર મુજબ

**ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર (DBT) યોજના હેઠળ સને.૨૦૧૬–૧૭ના વર્ષથી આવરી લેવાયેલ રાજ્ય સરકારની શિષ્યવૃત્તિ યોજનાઓની યાદી.**

| ક્રમ | યોજનાનું નામ |
|---|---|
| ૧ | ઉચ્ચ શિક્ષણ શિષ્યવૃત્તિ યોજના |
| ૨ | સંશોધન શિષ્યવૃત્તિ યોજના |
| ૩ | સરકારી કૉલેજના વિધાર્થીઓને શિષ્યવૃત્તિ યોજના |
| ૪ | ફેલોશિપ શિષ્યવૃત્તિ યોજના |
| ૫ | આર્થિક રીતે પછાત વર્ગના વિધાર્થીઓ ની શિષ્યવૃત્તિ (ઈબીસી ફી માફી ) યોજના |
| ૬ | પ્રાથમિક અને માધ્યમિક શિષ્યવૃત્તિ યોજના |

જાવક ક્રમાંક : CTE/CS-Meeting/DBT/ 4005

તા.૫/૨/૨૦૧૬

<u>વિષય</u> : વિવિધ સરકારી યોજનાઓમાં Direct Benefit Transfer (DBT) લાગુ કરવા બાબત

<u>નોંધ</u>

વિવિધ સરકારી યોજનાઓમાં લાભાર્થીઓને તમામ પ્રકારની સહાયની ચૂકવણી તા.૧/૪/૨૦૧૬થી Direct Benefit Transfer (DBT) મારફતે કરવાનો નિર્ણય કરવામાં આવેલ છે. આ બાબતે જુદી જુદી યોજનાના લાભાર્થીઓનો ડેટા ડીજીટાઇઝ્ડ કરીને લાભાર્થીના આધાર નંબર સાથે (seeding) જોડવાની કાર્યવાહીના status અંગે મુખ્ય સચિવશ્રીના સ્તરે તા.૩ ફેબ્રુઆરી, ૨૦૧૬ના રોજ તમામ વિભાગો સાથે રીવ્યુ બેઠક રાખેલ હતી. આ બેઠકમાં શિક્ષણ વિભાગ વતી કમિશનરશ્રી (ટેકનીકલ એજ્યુકેશન) હાજર રહેલ. મુખ્ય સચિવશ્રીએ શિક્ષણ વિભાગની કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા sponsored જુદી જુદી યોજનાઓના લાભાર્થીઓના ડેટાની સમીક્ષા કરી નીચે મુજબની કાર્યવાહી અગ્રતાના ધોરણે કરવા સુચના આપેલ છે.

(૧) ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી દ્વારા સંચાલીત કોલેજ / યુનિવર્સિટીમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટેની (૧) Scholarship for University/College student ની યોજના અને કમિશનરશ્રી, શાળાઓની કચેરી દ્વારા સંચાલીત માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટેની (૧) National Scheme for Incentive to girls for secondary education અને (૨) National Means cum – Merit Scholarship સ્કોલરશીપ બાબતની એમ કુલ ૩ સ્કીમના અંદાજે ૪૫,૦૦૦ લાભાર્થીઓ તથા નોલેજ કોન્સોર્ટીયમ ઑફ ગુજરાત દ્વારા સંચાલીત માન. મુખ્યમંત્રી સ્કોલરશીપ યોજના અને મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજનાના અંદાજે ૧૧,૫૦૦ લાભાર્થીઓના ખાતામાં RTGS મારફતે તેઓના બેંક ખાતામાં સહાયની રકમ સીધેસીધી જમા થાય છે તેને લાભાર્થીઓના આધાર નંબર સાથે seeding ની કાર્યવાહી તાત્કાલીક હાથ ધરવા સુચના આપેલ છે.

ઉપરોક્ત લાભાર્થીઓ પૈકી આ યોજનાઓમાં જે લાભાર્થીઓના આધાર નંબર ઉપલબ્ધ છે તેની વિગતો તાત્કાલીક શિક્ષણ વિભાગ મારફતે નાણાં વિભાગને રજુ કરવા જણાવેલ છે.

(૨) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી દ્વારા લાભાર્થીઓ માટેની ૨ યોજનાઓ (૧) Reimbursement of fees to students અને (૨) Financial assistance for books, uniform under RTE Act. માં અંદાજે ૪૩,૦૦૦ જેટલા લાભાર્થીઓને Direct Benefit Transfer હેઠળ આવરી લેવા પરત્વેની વિગતો સંદર્ભે મુખ્ય સચિવશ્રી દ્વારા લાભાર્થીઓ માટેની આ યોજનાઓ સહિતની તમામ યોજનાઓમાં તા.૧ એપ્રિલ, ૨૦૧૬ થી Direct Benefit Transfer મારફતે જ લાભાર્થીઓને બેંક એકાઉન્ટમાં સહાયની રકમ જમા કરવી ફરજિયાત થતી હોઇ આ અંગેની આનુષાંગિક કાર્યવાહી બનતી ત્વરાએ કરવા જણાવ્યું છે.

(3) ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી દ્વારા લાભાર્થીઓ માટેની ૬ યોજનાઓ (૧) Highe Education Scholarship (૨) Research Scholarship (3) Government College studen Scholarship (૪) Fellowship Scholarship (૫) Scholarship to economically backwarc students અને (૬) Primary and Secondary Scholarship ના અંદાજે ૪,000 લાભાર્થીઓને વર્ષ ૨૦૧૬-૧૭ થી Direct Benefit Transfer હેઠળ આવરી લેવા બાબતની વિગતો અન્વયે પણ તે અંગેની કાર્યવાહી તાત્કાલીક ધોરણે કરવા માટે સુચના આપેલ છે.

લાભાર્થીઓ માટેની વિવિધ યોજનાઓનો ડેટા આધાર નંબર સાથે seeding કરવા બાબતની રીવ્યુ બેઠક આગામી ૧૦ દિવસમાં કેન્દ્ર સરકારના લેવલે યોજાવાની હોઇ સદરહુ બાબતને સર્વોચ્ચ અગ્રતા આપી જે યોજનાઓમાં લાભાર્થીઓના બેન્ક એકાઉન્ટમાં સહાયની રકમ Direct જમા થાય છે તે માટે જે લાભાર્થીઓના આધાર નંબર મેળવવાના બાકી છે તે તાત્કાલીક મેળવવા અને જે યોજનાઓમાં લાભાર્થીઓને Direct Benefit Transfer હેઠળ હજુ આવરી લેવાના બાકી છે તેઓને આવરી લેવાય તે માટેની કાર્યવાહી પણ તુરંત શરૂ કરવા મુખ્ય સચિવશ્રી દ્વારા સુચના આપવામાં આવી છે.

ઉક્ત કાર્યવાહી થવા બાબતે આજ્ઞાનુસાર વિનંતી છે.

આભાર સહ,

આપનો વિશ્વાસુ

(પી.આર. દવે)
સંયુક્ત નિયામક, ટેકનીકલ શિક્ષણ

નકલ સવિનય રવાના પ્રતિ,

(૧) અધિક મુખ્ય સચિવશ્રી (શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૨) અગ્રસચિવશ્રી (ઊ. અને ટે. શિ.) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(3) કમિશનરશ્રી, શાળાઓની કચેરી, ડો. જે. એમ. ભવન, ગાંધીનગર
(૪) કમિશનરશ્રી, ઉચ્ચ શિક્ષણ ની કચેરી, ડો. જે. એમ. ભવન, ગાંધીનગર
(૫) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, ડો. જે. એમ. ભવન, ગાંધીનગર